હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

સળંગ અંક : ૮૮૬, વર્ષ : ૩૭, અંક : ૧૫
૦૧-ઓગસ્ટ, ૨૦૨૬

# ઉદીચ્ય

HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN
Re-Accredited "B" 2.21 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ : શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

જેમ પુસ્તકાલયનો ગ્રંથપાલ એ સર્વજ્ઞ જેવો હોય છે, તે તે વિષયના અધ્યાપકને પણ દોરવણી આપી શકે એટલી માહિતી ધરાવનારો હોય છે, તેમ પ્રકાશક પણ લેખકોના જેટલો જ સમાહિતૈષી હોઇ શકે છે. ઊંચી ભાવનાવાળો લેખક જેમ લોકસંગ્રહની દ્રષ્ટિએ જ કલમ ઉપાડે છે, તેમ ઊંચી કોટિનો પ્રકાશક પણ લોકસંગ્રહની દ્રષ્ટિએ પોતાનું પ્રકાશન કાર્ય કરે છે.

- ઉમાશંકર જોશી

## આદિવચન

પ્રિય વાચક મિત્રો,

આધુનિક સમયમાં જીવનશૈલીમાં ખૂબ જ મોટા બદલાવ જોવા મળે છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ની ટેકનોલોજી દ્વારા માનવ અને મશીન વચ્ચેના સબંધોમાં મહત્ત્વપૂર્ણ બદલાવ આવ્યો છે. કમ્પ્યૂટર કે મશીનમાં માનવ જેવી વિચારવાની, શીખવાની અને પ્રશ્નોના ઉકેલ લાવવાની ક્ષમતા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ધરાવે છે. માનવ જીવનના રોજિંદા કાર્યો સરળ અને ઝડપી એઆઇ ટેકનીકથી બન્યા છે. એઆઈ એ ડેટામાંથી શીખે છે એટલે કે જેટલો ડેટા વધારે તેટલું તેનું કાર્ય સચોટ અને વિશ્વસનીય બનતું હોય છે. વર્ષ ૧૯૫૫ માં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો શબ્દ પ્રયોગ થયો અને વર્ષ ૧૯૫૬માં ડર્ટમાઉથ કોન્ફરન્સમાં એઆઈ ને એક સ્વતંત્ર શૈક્ષણિક અને સંશોધન તરીકે પ્રસ્થાપિત કર્યું. એઆઇ ના પ્રણેતા જહોન મેક્કાર્થીના મતે માનવીય બુધ્ધિના તમામ પાસાઓ વૈજ્ઞાનિક રીતે સમજાવી શકાય છે. કમ્પ્યૂટરને વિચારવા, શીખવા અને અનુમાન કરવા માટે તૈયાર કરી શકાય છે જેના માટે ૧૯૫૮માં LISP પ્રોગામીંગ ભાષા વિકસાવી હતી. ૨૧ મી સદીમાં મશીન લર્નિંગ અને ડીપ લર્નિંગ ટેકનિક વિકસીત થઈ. જેમાં કમ્પ્યૂટરને ડેટામાંથી શીખવાની અને અનુભવના આધારે પોતાના પ્રદર્શનને સુધારવાની ક્ષમતા આપે છે. ડીપ લર્નિંગ ન્યુરલ નેટવર્કસનો ઉપયોગ કરીને જટિલમાં જટિલ સમસ્યાઓનું નિરાકરણ લાવે છે. હાલના સમયમાં ચહેરાની ઓળખ, ભાષાનુવાદ, સ્વચાલિત વાહનો અને એઆઇ જનરેટિવ અનેક અધતન સેવાઓ આ ટેકનોલોજી આધારિત છે. આજે એઆઇ એ આપણા દૈનિક જીવનનો અભિન્ન ભાગ બની ગયો છે. વોઈસ આસિસ્ટન્ટસ, શોપિંગ માટે વ્યક્તિગત સૂચન, સોશિયલ મિડિયા પર કન્ટેન્ટ રાઈટીંગ, બૅંકિગ સેવાઓ, આરોગ્ય ક્ષેત્રે ઉપચાર અને ખેતી માટે આગાહી જેવી અનેક બાબતોમાં એઆઇ નો ઉપયોગ કરવામાં આવે છે. વ્યક્તિગત શિક્ષણ, સ્માર્ટ વર્ચ્યુઅલ વર્ગખંડ, સ્વમૂલ્યાંકન અને ડિજિટલ માર્ગદર્શન જેવી પધ્ધતિઓ દ્વારા વિદ્યાર્થીઓને અસરકારક શિક્ષણ મળી રહે છે. શિક્ષણ ક્ષેત્રમાં પણ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અદ્‌ભૂત ક્રાંતિ લાવી રહ્યું છે. પરંપરાગત શિક્ષણ પધ્ધતિઓની સાથે એઆઇ નો ઉપયોગ અધ્યાપક અને વિદ્યાર્થીઓ માટે જ્ઞાન આપવા અને મેળવવાની રીતને વધુ સરળ, રસપ્રદ અને પ્રભાવશાળી બનાવે છે. શિક્ષણ ક્ષેત્રે એઆઇ ના ઉપયોગથી



વિદ્યાર્થીની શીખવાની ક્ષમતા અને જરૂરિયાત મુજબ અભ્યાસ સામગ્રી તૈયાર કરી આપે છે. એઆઇ ચેટબોટસ ૨૪/૭ વિદ્યાર્થીઓને શિક્ષક સહાયક તરીકે માર્ગદર્શન પુરું પાડે છે. પેપર ચેકિંગ, પરિણામ, હાજરી અને હોમવર્ક જેવા વહીવટી કામો એઆઇ થી ઝડપથી થાય છે. ઈન્ટરેકિટવ વિડિયોઝ, 3D સિમ્યુલેશન, ઈ–બુકસ અને રમત ગમત દ્વારા અભ્યાસ થાય છે જે વધુ રસપ્રદ બને છે. દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે ટેકસ્ટ–ટુ–સ્પીચ, સ્પીચ–ટુ–ટેકસ્ટ અને ભાષાંતર જેવા એઆઇ ટુલ્સ ખૂબ ઉપયોગી સાબિત થાય છે.

શિક્ષણમાં એઆઇ ઉપયોગનો હેતુ શિક્ષકની જગ્યા લેવાનો નથી. પરંતુ તેઓની કાર્યક્ષમતા વધારાની સાથે વિદ્યાર્થીઓના અભ્યાસને વધુ સરળ બનાવવાનો છે. યોગ્ય નિતિઓ, નિયમો અને ટેકનોલોજીના સંતુલિત ઉપયોગ સાથે શિક્ષણમાં એઆઇને સ્વીકારવામાં આવે તો તેનો ખૂબ સારો ફાયદો જોવા મળે છે. એઆઇ એ માત્ર ટેકનીકલ વૈવિધતા નથી પરંતુ માનવ સમાજના ભવિષ્યના વિકાસ માટે દિશા સૂચન કરતી પ્રક્રિયા છે. તેનો વિકાસ માનવ કલ્યાણ અને નૈતિક જવાબદારી સાથે જોડાયેલો રહે તે ખૂબ જ જરૂરી છે. એઆઇનો ઉપયોગ સમજપૂર્વક અને માનવ કેન્દ્રિત દષ્ટિકોણથી કરવામાં આવશે તો તે શિક્ષણ, સંશોધન, વિકાસ અને માનવ જીવનની ગુણવત્તામાં નોંધપાત્ર ફેરફારો લાવી શકે છે. જવાબદાર અને નૈતિકમૂલ્યો આધારિત માનવ કેન્દ્રિત ટેકનોલોજીનો વિકાસ અને તેને સમજદારી પૂર્વકનો ઉપયોગ કરી શિક્ષણક્ષેત્રે ખૂબ સારા બદલાવ થાય તે દિશામાં સૌ કાર્ય કરીએ.

તા. ૦૧-૦૮-૨૦૨૬
પાટણ.

પ્રો. ડૉ. કિશોરકુમાર પોરિયા
કુલપતિ

# પીએચ.ડી.

| No. | Candidate | Title of the Thesis | Faculty/Subject | Name of the Guide |
|---|---|---|---|---|
| 01. | **Patel Karankumar S.** | ભારતમાં બંધારણીય સુધારાના સંદર્ભમાં ન્યાયિક સક્રિયતા અને ન્યાયિક સર્જનાત્મકતાના ખ્યાલનો કાનૂની અભ્યાસ | **LAW** LAW | **Dr. Rajesh S. Vyas** Shri N.S. Patel Law College, Modasa. |
| 02. | **Patel Mitalben J.** | કચ્છ અને સૌરાષ્ટ્રનાં ઐતિહાસિક સ્થળો : એક ઐતિહાસિક અધ્યયન | **ARTS** HISTORY | **Dr. Prakash S. Patel** Government Sciecne College, Vadnagar. |
| 03. | **Patel Natvarbhai S.** | Implementation of Data Mining Techniques for Better Predictiong on Crop Parameters in Agriculture. | **MANAGEMENT** COMPUTER SCIENCE | **Dr. Bhavesh M. Patel** Dept. of Com. and Info. Tech. HNGU, Patan. |
| 04. | **Patel Reenaben B.** | A Study of Contrubution of Self-Help Groups in Social and Economic Development of Women : with Reference to Gandhinagar District | **ARTS** ECONOMICS | **Dr. G.D. Tripathi** C.N. Arts and B.D. Commerce College, Kadi. |
| 05. | **Patel Rinkubahen K.** | ઉત્તર ગુજરાતના ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના યોગ પ્રત્યેના વલણનો અભ્યાસ | **EDUCATION** EDUCATION | **Dr. Pinakshiben Patel** Smt. R.K.D. Khanushiya M.Ed. College, Palanpur. |
| 06. | **Patel Rucha M.** | 'राधाचरिते महाकाव्ये गर्गसंहितायां च निरुपित - राधा' - एकं समीक्षात्मकम् अध्ययनम् | **ARTS** SANSKRIT | **Dr. B.B. Chaudhari** Shri and Smt. P.K. Kotawala Arts College, Patan. |
| 07. | **Patel Shilpaben B.** | शशिप्रभा शास्त्री के उपन्यासों में निरुपित स्त्री-पुरुष सम्बन्ध : एक अनुशीलन | **ARTS** HINDI | **Dr. Sanjay B. Asodariya** Mahila Arts and Commerce College, Unjha. |
| 08. | **Patel Sunilkumar A.** | स्वयं प्रकाश के उपन्यासों में निरुपित भारतीय समाज | **ARTS** HINDI | **Dr. Vinodchandra G. Chaudhari** Smt. R.M. Prajapati Arts College, Satlasana. |
| 09. | **Patel Teenaben K.** | બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓના શિક્ષણ પર સોશિયલ મીડિયાની અસરનો અભ્યાસ | **EDUCATION** EDUCATION | **Dr. Pinakshiben Patel** Smt. R.K.D. Khanushiya M.Ed. College, Palanpur. |
| 10. | **Prajapati Girishbhai K.** | ત્રણ અનુઆધુનિક વાર્તાકારોની વાર્તાકલાનો સમીક્ષાત્મક અભ્યાસ (માય ડિયર જયુ, હિમાંશી શેલત અને દલપત ચૌહાણના સંદર્ભે) | **ARTS** GUJARATI | **Dr. Nareshbhai R. Patel** Sheth Shree B.C. Shah Arts College, Vadali. |
| 11. | **Prajapati Mayuri V.** | Pollen Analysis of Honey from Mehsana District, Gujarat. | **SCIENCE** BOTANY | **Dr. B.L. Punjani** Smt. S.M. Panchal Science College, Talod. |
| 12. | **Prajapati Parthkumar V.** | A Study of Socio-Economic Eff cts of the Agro-Based Small Industries of Mehsana District | **ARTS** ECONOMICS | **Dr. R.K. Shah** Shri B.P.B. Arts & M.H.G. Commerce College, Unjha. |
| 13. | **Prajapati Roshaniben D.** | वाल्मीकि - रामायणमाधारितेषु प्राचीनप्रमुखनाटकेषु सीताचरितम् - समीक्षात्मकं तुलनात्मकं चाध्ययनम्। | **ARTS** SANSKRIT | **Dr. Bhagvanbhai K. Prajapati** Smt. R.M. Prajapati Arts College, Satlasana. |
| 14. | **Prajapati Shaileshkumar P.** | Study of Removal of Pollutants by Modified Guar Gum Waste with Inorganic Coagulants in Industrial Effluent Treatment | **SCIENCE** CHEMISTRY | **Dr. Shailesh V. Patel** Sir P.T. Science College, Modasa. |
| 15. | **Prajapati Urvashiben P.** | Thematic Concern in the Select Novels of V.S. Naipaul and Salman Rushdie : A Comparative Study | **ARTS** ENGLISH | **Dr. Mukund L. Revadivala** Shri and Smt. P.K. Kotawala Arts College, Patan. |

# પીએચ.ડી.

| No. | Candidate | Title of the Thesis | Faculty/Subject | Name of the Guide |
|---|---|---|---|---|
| 16. | **Punadiya Lalitkumar M.** | આંતર યુનિવર્સિટી કક્ષાએ પસંદગી પામેલા ખેલાડીઓ અને એન.સી.સી. કેડેટનો શારીરિક યોગ્યતાનો તુલનાત્મક અભ્યાસ | **EDUCATION** PHYSICAL EDUCATION | **Dr. Bhemjibhai N. Patel** Vijaynagar Arts College, Vijaynagar. |
| 17. | **Sanjaykumar Mahto** | A Comparative Analysis of Selected Psychological Variables of Judo Players. | **EDUCATION** PHYSICAL EDUCATION | **Dr. Bhemjibhai N. Patel** Vijaynagar Arts College, Vijaynagar. |

# કૉલેજ ન્યુઝ

## ઉજવણી



❊ મણિબેન એમ. પી. શાહ મહિલા આટ્‌ર્સ કૉલેજ, કડીના ઈનોવેશન અને સ્ટાર્ટ–અપ ક્લબ તેમજ વુમન ડેવલપમેન્ટ સેલ દ્વારા તા. ૭–૩–૨૦૨૬ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. Women Health Awareness કાર્યક્રમમાં કડીના ગાયનેકોલોજીસ્ટ ડૉ. હેતલબેન પટેલ તેમજ ડૉ. શ્રુતિબેન ટેઈલરે વિદ્યાર્થિનીઓને સ્ત્રીના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત રહેવું જોઈએ તેમજ સ્ત્રીઓને થતા બ્રેસ્ટ કેન્સર, સર્વાઈલ કેન્સર વિષય પર વિસ્તૃત માહિતી આપેલ. આ પ્રસંગે કડી તાલુકાના Entrepreneur Women કોમલબેન થાપાએ પોતાના સ્ટાર્ટ–અપની શરૂઆત કઈ રીતે કરવામાં આવેલ તે વિશે માહિતી આપી હતી. વિદ્યાર્થિનીઓએ પોતાના સાહસ અને આત્મવિશ્વાસથી નવું Entrepreneur, Start - Up કઈરીતે ઊભું કરી શકાય તે વિશે પ્રેરણા આપી હતી.



❊ શ્રી. કે. આર. કટારા આટ્‌ર્સ કૉલેજ, શામળાજી ખાતે પ્રિ.ડૉ. અજય કે. પટેલના માર્ગદર્શન હેઠળ ઈનોવેશન ક્લબના કો. ઓર્ડીનેટર ડૉ.માલતી પટેલ દ્વારા સમગ્ર ભારતભરમાં વિજ્ઞાન દ્વારા થતા લાભો પ્રતિ સમાજમાં જાગૃતિ લાવવા અને વૈજ્ઞાનિક વિચારસરણી જાગૃત કરવાના હેતુ માટે રાષ્ટ્રીય વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી પરિષદ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રાલય, ભારત સરકારના ઉપક્રમે દર વર્ષે ફેબ્રુઆરી ૨૮ના રોજ ઉજવવામાં આવે છે. જેનો હેતુ વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ વિકસાવવાનો છે. નવી શોધો દેશના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવે છે. આ પ્રકારની ઉજવણીથી યુવાનોને વિજ્ઞાન ક્ષેત્રે કારકિર્દી બનાવવા પ્રેરણા મળે છે. સદર કાર્યક્રમમાં અંગ્રેજી વિભાગના અધ્યક્ષ ડૉ. સમીર આર. પટેલે આટ્‌ર્સ કૉલેજમાં ભણતા હોવા છતાં જુદાં જુદાં કૌશલ્યો અને વિચારો થકી કંઈક નવીન સર્જન કરી આગળ વધવા પ્રત્યેકે પ્રયત્નશીલ રહી સરકાર તરફથી મળતી સહાય મેળવી પ્રગતિ પામવાની વાત સમજાવી હતી.



❊ જી. ડી. મોદી વિદ્યાસંકુલ, પાલનપુર ખાતે સ્વ. શ્રી શિરીષકુમાર મોદીની સ્મૃતિમાં સમન્વય સાંસ્કૃતિક મહોત્સવ તા. ૨૮ ફેબ્રુઆરી અને ૧ માર્ચ, ૨૦૨૬ના રોજ કે. ગિરધરલાલ ઓપન એર થિયેટર ખાતે ભવ્ય રીતે યોજાયો હતો. બે દિવસીય આ મહોત્સવે કલા અને સંસ્કૃતિના વિવિધ સ્વરૂપોને એક જ મંચ પર રજૂ કર્યા હતા. પ્રથમ દિવસે આર્ટ એક્ઝિબિશનનું ઉદ્‌ઘાટન પ્રસિદ્ધ ચિત્રકાર રમણિકભાઈ રાવલના હસ્તે કરવામાં આવ્યું હતું. પ્રદર્શનમાં પેઈન્ટિંગ વિભાગના વર્તમાન તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની ચિત્રકૃતિઓ રજૂ કરવામાં આવી હતી, જેને કળાપ્રેમીઓ તરફથી પ્રશંસા મળી હતી.આ બાદ એમ. એ. પરીખ ફાઈન આટ્‌ર્સ એન્ડ આર્ટસ કૉલેજના સંગીત વિભાગના નાદ પર્ણાશા મ્યુઝિકલ ગ્રુપ દ્વારા સંગીત કાર્યક્રમ યોજાયો હતો. આશિષ ઠાકર દ્વારા ''પસ્તાની અસલી'' નાટ્યપ્રસ્તુતિ રજૂ કરવામાં આવી હતી, જેમાં સંવાદ અને અભિનયે દર્શકોને પ્રભાવિત કર્યા હતા. બીજા દિવસે ચિત્રકલા મહોત્સવ યોજાયો હતો, જેમાં તમામ કલા રસિક પ્રજાજનો તથા વિદ્યાર્થી મિત્રોએ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતમાં આનંદ અને શિસ્તભર્યા માહોલ વચ્ચે આનર્ત ડાન્સ કંપની દ્વારા 'વિવિધાઃ મેનિફોલ્ડ મુડ્સ ઓફ કથક' ની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

## એન.એસ.એસ.




✲ શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટસ એન્ડ હોમ સાયન્સ કૉલેજ, મહેસાણાના એન.એસ.એસ. યુનિટ અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગુજરાત સ્ટેટ બ્રાન્ચના સહયોગથી તા.૨૫–૩–૨૦૨૬ ના રોજ થેલેસેમિયા ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બી.એ. સેમ–૨ ની ૨૫૩ વિદ્યાર્થિનીઓએ થેલેસેમિયા ટેસ્ટ કરાવ્યો હતો.



✲ શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટસ એન્ડ એમ. એચ. ગુરુ કોમર્સ કૉલેજ, ઊંઝાના એન.એસ.એસ. વિભાગ દ્વારા પ્રિ. ડૉ. રાકેશ રાવના માર્ગદર્શન હેઠળ તારંગા મુકામે કુદરતી સંપત્તિ જાળવણી અંગે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એન.એસ.એસ.ના ૨૦ જેટલા સ્વયંસેવકોએ તારંગા પર્વત પરથી પ્લાસ્ટિકની થેલીઓ, બોટલો અને અન્ય કચરો એકત્રિત કરી નીચે તળેટી પર લાવીને તેનો યોગ્ય નિકાલ કર્યો હતો. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. આર. કે. શાહ એ જમીન પર પડેલ પ્લાસ્ટિક ભાવિ પેઢી માટે ખૂબ નુકસાનકારક છે તેવું જણાવ્યું હતું. ડૉ. દિવ્યાબેન પટેલે પણ ગ્રામજનોને પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા જણાવ્યું હતું.




✲ શ્રીમતી આર.એમ.પ્રજાપતિ આર્ટ્સ કૉલેજ, સતલાસણાના એન.એસ.એસ. યુનિટ દ્વારા રેડક્રોસ સોસાયટી, અમદાવાદના સહયોગથી કૉલેજના સેમેસ્ટર–૨ માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓનો થેલેસેમિયા ટેસ્ટ કરવામાં આવ્યો હતો. સ્ત્રી કે પુરુષ બન્ને માટે લગ્ન પહેલાં થેલેસેમિયા ટેસ્ટ કરવી અત્યંત જરૂરી છે. જો બન્નેને માઈનોર થલેસેમિયા હોય તો તે બન્ને દ્વારા ભવિષ્યમાં જન્મનાર બાળક મેજર થેલેસેમિયાગ્રસ્ત જન્મવાની શકયતા રહેલી છે. પ્રિ.ડૉ.જયેશ એન. બારોટના માર્ગદર્શનમાં આ કેમ્પનું આયોજન ડૉ.શૈલેષ જોષી અને ડૉ.જયવીરસિંહ રાજપૂતે કર્યું હતું.

## એન.આઈ.સી.




Regional Directorate of NSS New Delhi and NSS Cell, Chaudhari Devi Lal University, Sirsa (Haryana) દ્વારા ૬ થી ૧૨ માર્ચ ૨૦૨૬ NIC યોજવામાં આવ્યો હતો. શ્રી વી.આર. પટેલ કૉલેજ ઓફ કોમર્સ, મહેસાણાના ત્રણ વિદ્યાર્થીઓ તેમજ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાંથી પસંદગી પામેલા અન્ય સાત વિદ્યાર્થીઓ એમ કુલ ૧૦ વિદ્યાર્થીઓએ NIC માં ભાગ લીધો હતો. NICમાં ગુજરાતના ટીમ લીડર તરીકે પ્રોગ્રામ ઓફિસર ડૉ.કલ્પેશ પટેલની યુનિવર્સિટી દ્વારા પસંદગી કરવામાં આવી હતી. NICમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ દરેક પ્રવૃત્તિમાં ઉત્કૃષ્ટ કામગીરી કરી હતી. શ્રી વી.આર. પટેલ કૉલેજ ઓફ કોમર્સના પ્રિન્સિપાલ ડૉ. જે. કે. પટેલ અને HNGU એન.એસ.એસ. કો–ઓર્ડીનેટર કમલેશભાઈ ઠક્કરના માર્ગદર્શન હેઠળ NIC સફળ રીતે પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## કાર્યક્રમ



✲ શ્રીમતી આર. આર.એચ.પટેલ મહિલા આર્ટસ કૉલેજ, વિજાપુર ખાતે તા. ૯–૩–૨૦૨૬ ના રોજ ગુજરાત સરકાર દ્વારા રચાયેલ 'કવચ સેલ' દ્વારા સાઈબર ફ્રોડ જાગૃતિ માટે ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી આ સ્પર્ધામાં આઠ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. જેમાંથી પ્રથમ ક્રમે પંડ્યા નિયંતી દ્વિતીય ક્રમે સિંધી વૈશાલી તુલસીભાઈ તથા તૃતીય ક્રમે નાઈ વૈશાલી નરેશભાઈ વિજેતા બન્યા

હતા. ડૉ. આર .એ .પટેલ, ડૉ. જે. એમ. પટેલ તથા ડૉ. જે. કે. વોરાએ નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રિ. સુરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.



❊ એમ. એ. પરીખ ફાઈન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, પાલનપુર દ્વારા નેશનલ કમિશન ફોર વુમનના સહયોગથી તથા યુવા મંથન સાથે મળીને "Campus Calling" પહેલ અંતર્ગત POSH (કાર્યસ્થળે યૌન ઉત્પીડન નિવારણ), જાતિ સંવેદનશીલતા અને સાયબર સુરક્ષા વિષયક જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ શૈક્ષણિક અને વ્યવસાયિક ક્ષેત્રમાં સુરક્ષિત, સમાવેશક અને સન્માનપૂર્ણ વાતાવરણ નિર્માણ કરવાનો હતો. વિદ્યાર્થીઓ માટે સાયબર સુરક્ષા અંગે વિસ્તૃત પ્રેઝન્ટેશનમાં ઓનલાઈન સુરક્ષા અને ડિજિટલ જવાબદારી વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. POSH વિષય પર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ કાર્યસ્થળે સન્માન અને અધિકારો અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. કાર્યક્રમના અંતે તમામ વિદ્યાર્થીઓએ સુરક્ષિત અને સન્માનપૂર્ણ કેમ્પસ નિર્માણ માટે પ્રતિજ્ઞા લીધી હતી.



❊ શ્રીમતી કે.કે. શાહ આર્ટ્સ અને શ્રીમતી એલ.બી. ગુંજારીયા કોમર્સ કૉલેજ, થરામાં મંડળના પ્રમુખ ધીરજભાઈ કે.શાહના અધ્યક્ષ સ્થાને તેજસ્વી વિદ્યાર્થી સન્માન અને દીક્ષાંત સમારોહ તા. ૭–૩–૨૦૨૬ ના રોજ યોજાઈ ગયો. પ્રિ.ડૉ. દિનેશકુમાર ચારણ દ્વારા ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી વિદાય લેનાર વિદ્યાર્થીઓને આશિર્વચન પાઠવતા જણાવેલ કે ભારતીય સનાતન સંકૃતિનું અનુસરણ કરતાં ઇચ્છા શક્તિ, કાર્ય શક્તિ, અને આત્મ શક્તિ દ્વારા તમારા જીવનને સાર્થક બનાવી વ્યસન અને ફેશનથી દૂર રહેશો. કૉલેજનું મુખપત્ર અધિત–૩ નું ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. માર્ચ–એપ્રિલ ૨૦૨૫ માં લેવાયેલ યુનિવર્સિટીની પરીક્ષામાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર તેજસ્વી તારલાઓને શિલ્ડ અને પ્રમાણપત્ર એનાયત કરી અને સન્માનિત કરવામાં આવ્યા. રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ જુદી જુદી હરીફાઈ અને રમતોમાં વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરેલ રમતવીરો અને સાંસ્કૃતિક, એન.એસ.એસ., એન.સી.સી. ક્ષેત્રે સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવેલ તથા એન.એસ.એસ. અને રમતગમત ક્ષેત્રે સિદ્ધિઓ અપાવનાર કૉલેજના બે અધ્યાપકો એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. ગૌરવ શ્રીમાળી અને પી.ટી.આઈ. પ્રાધ્યાપક ડૉ. હિતેશભાઈ ચૌધરીનું સંસ્થાના પ્રમુખ અને પ્રિન્સિપાલ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.



❊ એમ.એ.પરીખ ફાઈન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, પાલનપુર એન.એસ.એસ. વિભાગના ઉપક્રમે તા. ૧૦–૩–૨૦૨૬ ના રોજ સ્વયંસેવકો અને પ્રોગ્રામ ઓફિસર તેમજ પ્રિ.ડૉ.રમેશકુમાર પટેલ તથા સર્વે સ્ટાફ મિત્રો દ્વારા ઉનાળાની ગરમીમાં પક્ષીઓ માટે ૨૦૦ પાણીના કુંડા અને ૧૫૦ પક્ષીદાણા ઘરનું વિતરણ કરવામાં આવ્યું હતું. કૉલેજ કેમ્પસમાં વિવિધ જગ્યાએ પક્ષીઓ માટે કુંડા અને પક્ષીદાણા ઘર બાંધવામાં આવ્યા હતા.




❊ સાયન્સ એન્ડ કોમર્સ કૉલેજ, સતલાસણાના એન.એસ.એસ. વિભાગ દ્વારા તા. ૧૧–૩–૨૦૨૬ ના રોજ સેમ.–૨ ના વિદ્યાર્થીઓ માટે 'થેલેસેમિયા ટેસ્ટ' કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. યુવા અવસ્થામાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવાના હેતુથી આ કાર્યક્રમ યોજાયો હતો. આ કેમ્પમાં અમદાવાદ રેડ ક્રોસ સોસાયટીની ટીમ દ્વારા સેવાઓ આપવામાં આવી હતી. રેડ ક્રોસ ઓફિસથી પધારેલા સંજયભાઈએ ઉપસ્થિત રહીને તમામ વિદ્યાર્થીઓના લોહીના નમૂના લઈ થેલેસેમિયા ટેસ્ટની પ્રક્રિયા પૂર્ણ કરી હતી.માત્ર ટેસ્ટ જ નહીં, પરંતુ વિદ્યાર્થીઓને આ રોગ વિશે વિસ્તૃત સમજણ પણ આપવામાં આવી હતી. સંજયભાઈએ જણાવ્યું હતું કે થેલેસેમિયા એ વારસાગત રોગ છે, જે લોહીના ટેસ્ટ દ્વારા જ જાણી શકાય છે. લગ્ન ગ્રંથિથી જોડાતા પહેલા અથવા યુવાવસ્થામાં આ ટેસ્ટ કરાવવો કેમ અનિવાર્ય છે તેની વૈજ્ઞાનિક સમજ આપી હતી. ભવિષ્યની પેઢીને સુરક્ષિત રાખવા માટે 'થેલેસેમિયા માઈનોર' વિશેની જાણકારી હોવી કેટલી જરૂરી છે તે બાબતે વિદ્યાર્થીઓને જાગૃત કર્યા હતા.



✻ શ્રી બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ. એચ. ગુરુ કોમર્સ કૉલેજ, ઊંઝા દ્વારા બી.એ., બી.કોમ. સેમ – ૬ તથા એમ.એ., એમ. કોમ. સેમ – ૪ ના વિદ્યાર્થીઓનો દીક્ષાંત સમારોહ તથા યુનિવર્સિટી પરીક્ષામાં શ્રેષ્ઠ પરિણામ મેળવનાર તેમજ વિવિધ સહ અભ્યાસિક પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનો ઇનામ વિતરણ કાર્યક્રમ કૉલેજના એસેમ્બલી હોલમાં યોજાયો હતો. સાથે ૨.૦ ગ્રાન્ટમાંથી નિર્મિત નવીન લિફ્ટનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મંડળના પ્રમુખ પ્રહલાદભાઈ પટેલ (અધ્યક્ષ), મુખ્ય મહેમાન વસંતભાઈ પટેલ, મુખ્ય વકતા પ્રશાંત કેદાર જાદવ, નવીન લીફ્ટ ના ઉદ્‌ઘાટક જશવંતભાઈ પટેલ તથા અતિથિ વિશેષ અલ્પેશભાઈ પટેલ તેમજ કૉલેજના આચાર્ય ડૉ. રાકેશ રાવ સહિત સ્ટાફ પરિવાર અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગૌરવ



બી.કે. મર્કેન્ટાઇલ બેંક લો કૉલેજ, પાલનપુર એ ૧૦ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ મહેસાણાની શ્રી એસ.એમ. શાહ લો કૉલેજ ખાતે આયોજિત ૧૦મી નોર્થ ઝોન મૂટ કોર્ટ સ્પર્ધામાં પ્રથમ રનર–અપ સ્થાન મેળવીને એક નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી હતી. આ સિદ્ધિ અસરકારક નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ભાગ લેનારા વિદ્યાર્થીઓની શૈક્ષણિક શ્રેષ્ઠતા, વકીલાત કૌશલ્ય અને ટીમવર્કને પ્રતિબિંબિત કરે છે. આ સ્પર્ધામાં અનેક પ્રતિષ્ઠિત લો કોલેજોએ ભાગ લીધો હતો, જેના કારણે આ સફળતા સંસ્થા માટે ગર્વની અને ઉભરતા કાયદા વ્યાવસાયિકો માટે પ્રેરણારૂપ બની હતી.

## જાગૃતિ

✻ શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટ્સ કૉલેજ, વિજાપુરમાં કવચ કેન્દ્ર દ્વારા તા. ૨૦–૧–૨૦૨૬ના રોજ સાઈબર ક્રાઈમ અટકાવવા અંગે વિદ્યાર્થિનીઓ દ્વારા વિવિધ રીલ્સ બનાવવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત સિંધી વૈશાલી દ્વારા સોશિયલ મીડિયાના કોઈપણ પ્લેટફોર્મ પર મજબૂત પાસવર્ડ રાખવાની જરૂરિયાત વિશે જાગૃતિ લાવતા સંદેશ સાથે રીલ બનાવવામાં આવી હતી, જેથી કરીને લોકો સાઈબર ફ્રોડનો ભોગ ન બને. તે ઉપરાંત નાયી વૈશાલી દ્વારા ઈન્સ્ટાગ્રામ તથા વોટ્સએપ પર આવતા લલચાવનારા મેસેજોથી સાવચેત રહેવું, કોઈને પણ OTP ન આપવો જેવી બાબતો અંગે જાગૃતિ ફેલાવતી રીલ તૈયાર કરવામાં આવી હતી. તેમજ પટેલ વૃંદા, બારોટ હેમાંગી અને પંડ્યા નિયંતિ દ્વારા 'કોઈને પણ પોતાનું બેંક એકાઉન્ટ ભાડે આપવું નહીં. કારણ કે આવા એકાઉન્ટનો ઉપયોગ ગંભીર સાયબર ક્રાઈમ માટે થઈ શકે છે' એવા વિષય પર જાગૃતિ લાવતો રીલ બનાવવામાં આવી હતી. આ રિલ્સ બનાવનાર વિદ્યાર્થિનીઓને ઈનામ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.




✻ શ્રી કે.આર. કટારા આર્ટસ કૉલેજ, શામળાજી મુકામે 'પંચ પ્રકલ્પ' અંતર્ગત એક પર્યાવરણ જનજાગૃતિ રેલીનું આયોજન તા.૨૪–૩–૨૦૨૬ના રોજ પ્રિ. ડૉ. અજય કે. પટેલના માર્ગદર્શન હેઠળ ડૉ. વસંતભાઈ ગાવિત અને પ્રો.રૂકસાના નાગોરી દ્વારા કરવામાં આવ્યું હતું. ડૉ. વસંતભાઈ ગાવિતે પંચ પ્રકલ્પો પૈકીના સ્વચ્છતા, જળ સંરક્ષણ, જળ સંચય અને પર્યાવરણ તેમજ પર્યાવરણમાં વૃક્ષ અને પાણીના અગત્યની સમજ રેલીમાં જોડાયેલા વિદ્યાર્થીઓને આપી હતી. પ્રા.રૂકસાના નાગોરીએ પર્યાવરણ જાળવણી અંગેના વિવિધ ઉપાયોની માહિતી વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરી હતી. આ જનજાગૃતિ રેલીનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને વધતા જતા પ્રદૂષણ સામે જાગૃત કરવાનો અને પ્રકૃતિના જતનનો સંદેશ આપવાનો હતો.સદર રેલી શામળાજી કૉલેજથી બેચરપુરા કોલોની – રહેણાંક વિસ્તાર તેમજ ગંગાધર મહાદેવ થઈ ગાયત્રી મંદિર પહોંચી હતી. રેલીમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પોસ્ટર અને સૂત્રોચ્ચાર સાથે જોડાયા હતાં.

## તાલીમ



શ્રીમતી એ.એસ.ચૌધરી મહિલા આર્ટસ એન્ડ હોમસાયન્સ કૉલેજ, મહેસાણાના મનોવિજ્ઞાન વિભાગ દ્વારા તા. ૩ થી ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમ્યાન 'Mental Health' પર ૩૦ કલાકના

Add-on Course નું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો હેતુ એક સર્ટિફિકેટ કોર્સ મારફતે સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થિનીઓમાં ખાસ માનસિક સ્વાસ્થ્યના સંવર્ધન અને મનોવૈજ્ઞાનિક ક્ષેમકુશળતા જાળવવાના કૌશલ્ય વિકસાવવાનો હતો. 30 કલાકના આ એડ-ઓન કોર્સમાં ઉત્તર ગુજરાતના નિષ્ણાત અધ્યાપકો ડૉ. હનીફ નાંદોલિયા, ડૉ.રાજેશ પરમાર, ડૉ.નીતેશ પટેલ, ડૉ.આશા તડવી, ડૉ. પ્રિયંકા સોની ઉપસ્થિત રહ્યા હતા, જેઓએ માનસિક સ્વાસ્થ્યને જીવન કૌશલ્ય બનાવવા અને વ્યવસાયિક પ્રતિબદ્ધતા કેળવવા માટે ઉત્તમ જ્ઞાન પીરસ્યું હતું. મનોવિજ્ઞાન વિભાગના અધ્યક્ષ ડૉ.એ.એલ.સુતરીયા સહિત ડૉ.વૈશાલી પંચાલ અને ડૉ.વ્રજેશ મિસ્ત્રીએ આ કોર્સની સુચારુ ભૂમિકા તૈયાર કરી હતી.

## પ્લેસમેન્ટ




✻ એમ. એ. પરીખ ફાઈન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, પાલનપુર ખાતે તા. ૨૦-૨-૨૦૨૬ના રોજ 'જોબ ફેર ૨૦૨૬'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.આ જોબ ફેર અંતર્ગત દેશની નામાંકિત HDFC બેંક દ્વારા કેમ્પસ પ્લેસમેન્ટ ડ્રાઈવ યોજવામાં આવી હતી. જેમાં બેંક દ્વારા 'આસિસ્ટન્ટ મેનેજર' ની પોસ્ટ માટે યોગ્ય ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્લેસમેન્ટ સેલના કો-ઓર્ડિનેટર ડૉ. આશુતોષ અને ડૉ.શ્રવણકુમાર ખારાણી દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.



✻ શ્રી કે. આર. કટારા આર્ટ્સ કૉલેજ, શામળાજીમાં ગુજરાત સરકાર દ્વારા પ્રાયોજિત અને નોલેજ કનસોર્ટિયમ ઑફ ગુજરાત (KCG) પ્રેરિત 'જોબ પ્લેસમેન્ટ-૨૦૨૬' તા. ૭-૩-૨૦૨૬ના રોજ યોજાઈ ગયો. જેમાં હિન્દુસ્તાન ફર્ટી લાઇઝર, કેરવેલ ક્રોપ સાયન્સ, SBI લાઇફ ઇન્સ્યોરન્સ જેવી કંપનીઓ જોડાઇ હતી. પ્રારંભે ઉદિશાના ઇન્ચાર્જ ડૉ. જીગ્નેશભાઈ કટારા એ જોબ પ્લેસમેન્ટનો મુખ્ય હેતુ સમજાવી મહેમાનોનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ કંપનીઓના પ્રતિનિધિઓએ પોતાની કંપનીના પેકેજ તેમજ અન્ય ભથ્થા વગેરે સંદર્ભે માહિતી આપી હતી. વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી યોજી હતી. આ પ્લેસમેન્ટમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્લેસમેન્ટ થકી ૩૧ વિદ્યાર્થીઓ પસંદ થયા હતાં. તે માટે પ્રિ. ડૉ. એ. કે. પટેલ અને કેળવણી મંડળનાં મંત્રી દિલીપભાઈ કટારાએ સ્વકીય પ્રસન્નતા વ્યક્ત કરી સરકારશ્રીના આવા ઉપક્રમને બિરદાવ્યો હતો.

## પ્રવાસ



✻ શ્રીમતી કે.કે. શાહ આર્ટ્સ અને શ્રીમતી એલ.બી. ગુંજારીયા કોમર્સ કૉલેજ, થરામાં પ્રિ. ડૉ. ડી.એસ.ચારણના માર્ગદર્શન અનુસાર એન.સી.સી. વિભાગ દ્વારા એક દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસનો હેતુ એન.સી.સી કેડેટમાં ત્યાગભાવના, સંગઠન, રાષ્ટ્રીય ભાવના અને ધાર્મિક ભાવના જેવા મૂલ્યોનો સંચાર થાય તે હેતુથી કચ્છના નાના રણમાં વીર વચ્છરાજ બીચ, વીર વચ્છરાજ મસ્તક મંદિર, રાજ રાજેશ્વરી મંદિર ઝીંઝુવાડા, શ્રી શક્તિ માતાજી મંદિર ધામા, આઈ શ્રી ખોડિયાર માતાજી વરાણા ધામ અને સંત શ્રી સદારામ મંદિર, ટેટોણા ધામ વગેરે સ્થળોની મુલાકાત કરી એક દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.




✻ શ્રીમતિ કે.કે. શાહ આર્ટ્સ અને એલ.બી. ગુંજારિયા કોમર્સ કૉલેજ, થરાના વિદ્યાર્થીઓ માટે એક દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને શૈક્ષણિક તેમજ સાંસ્કૃતિક જ્ઞાન સાથે પ્રયોગાત્મક અનુભવ આપવાનો હતો. આ પ્રવાસમાં વિદ્યાર્થીઓએ National Forensic Sciences University, Gandhinagar ખાતે મુલાકાત લીધી હતી. અહીંના Investigative and Behavioural Psychology Department માં વિદ્યાર્થીઓને ફોરેન્સિક સાયન્સ, તપાસ પ્રક્રિયા અને માનસિક વિજ્ઞાનના ઉપયોગ વિશે પ્રો. સિદ્ધિ ઉપાધ્યાય દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. વિભાગના નિષ્ણાતોએ ક્રાઈમ ઇન્વેસ્ટિગેશનમાં માનસશાસ્ત્રની ભૂમિકા, ક્રિમિનલ વર્તનનું વિશ્લેષણ અને આધુનિક ટેકનોલોજીના પોલીગ્રાફ, EEG જેવા સાધનોના ઉપયોગ વિશે રસપ્રદ માર્ગદર્શન

આપ્યું હતું. આ મુલાકાતથી વિદ્યાર્થીઓને વિષય સંબંધિત નવી જાણકારી મળી અને તેમના અભ્યાસ માટે પેરણા મળી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર ની મુલાકાત લીધી. અહીં વિદ્યાર્થીઓને ડૉ. પારસભાઈ દ્વારા ભારતીય ભાષાઓ, સાહિત્યિક પરંપરા અને વિવિધ સાહિત્યિક પ્રવૃત્તિઓ વિશે માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ પ્રકૃતિના સૌંદર્યથી ભરપૂર ઇન્દ્રોડા નેચરલ પાર્કમાં પ્રકૃતિ, વન્યજીવન અને પર્યાવરણ સંરક્ષણ વિશે માહિતી મેળવી હતી.



✻ મહિલા આર્ટ્સ કૉલેજ, વિદ્યાનગરી, મોતીપુરા, હિંમતનગર અને ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરી, ગાંધીનગરના સંયુક્ત સહયોગથી આયોજિત 'લર્નિંગ એન્ડ એક્સપોઝલ કમ સ્ટડી ટુર ફોર સ્ટુડન્ટ' અંતર્ગત વિદ્યાર્થિનીઓના સર્વાંગીક વિકાસ માટેનો શૈક્ષણિક પ્રવાસ તા. ૧૭–૩–૨૦૨૬ના રોજ પ્રિ.ડૉ. કનૈયાલાલ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓએ ગુજરાતના ઐતિહાસિક, ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્ત્વ ધરાવતા સ્થળોની મુલાકાત લીધી, જેમાં વડનગર ખાતે વિદ્યાર્થીઓએ પ્રાચીન સ્થાપત્ય અને ઐતિહાસિક વારસાનો અભ્યાસ કર્યો હતો. વાળીનાથ મહાદેવ (તરભ) અને બેચરાજી ખાતે ધાર્મિક અને આધ્યાત્મિક પરંપરાનો અનુભવ કર્યો. ઐઠોર ગણપતિ દાદા ના દર્શન તેમજ ઊંઝા ખાતે માં ઉમિયાના દર્શન કર્યા હતા. પાટણ ખાતે રાણીકીવાવ અને પટોળા સાડી ઉદ્યોગ વિશે માર્ગદર્શન મેળવ્યું. મોઢેરા ખાતે સૂર્યમંદિરના અદભુત શિલ્પકામ અને સ્થાપત્યને નિહાળવાની તક મળી. આ શૈક્ષણિક પ્રવાસ દ્વારા વિદ્યાર્થીઓને પુસ્તકીય જ્ઞાન ઉપરાંત અનુભૂતિમય જ્ઞાન પ્રાપ્ત થયું. સાથે સાથે સહભાગીતા, શિસ્ત અને ટીમવર્ક જેવા ગુણોનો વિકાસ પણ થયો હતો.

## મુલાકાત




શ્રીમતી કે.કે. શાહ આર્ટ્સ અને શ્રીમતી એલ.બી. ગુંજારીયા કોમર્સ કૉલેજ, થરા અને લર્નિંગ એન્ડ એક્સપોઝર કમ સ્ટડી ટૂર ફોર સ્ટુડન્ટ યોજના હેઠળ અર્થશાસ્ત્ર વિભાગની ૧૮ વિદ્યાર્થી બહેનોએ એશિયાની સૌથી આધુનિક એવી બનાસ ડેરી–સણાદર પ્લાન્ટની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. આ પ્રસંગે પ્રિ.ડૉ. દિનેશકુમાર એસ. ચારણે વિદ્યાર્થિનીઓને જણાવ્યું હતું કે 'પુસ્તકિયા જ્ઞાનની સાથે પ્રત્યક્ષ અનુભવ શિક્ષણને સંપૂર્ણ બનાવે છે. સ્ત્રી–સશક્તિકરણના આ યુગમાં વિદ્યાર્થીનીઓ માત્ર નોકરીના જ લક્ષ્યને બદલે પશુપાલન અને ડેરી ઉદ્યોગ જેવા સ્વનિર્ભર વ્યવસાયોમાં રહેલી તકોને સમજે અને આર્થિક રીતે સક્ષમ બને તેવો અમારો મુખ્ય ઉદ્દેશ્ય છે.' મુલાકાત દરમિયાન આસિસ્ટન્ટ જનરલ મેનેજર વિનયભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, સણાદર પ્લાન્ટ એશિયાના સૌથી આધુનિક પ્લાન્ટમાંનો એક છે. વિદ્યાર્થિનીઓએ મિલ્ક પાવડર પ્લાન્ટ : ૧૫૦ TPD ક્ષમતાનો અદ્યતન પાઉડર અને બેબી ફૂડ યુનિટ, પનીર અને ચીઝ પ્લાન્ટ : ૬ લાખ લિટરની ક્ષમતાવાળો અત્યાધુનિક પ્રોસેસિંગ પ્લાન્ટ, બાયોગેસ પ્લાન્ટ : પશુઓના ગોબર થકી સી.એન.જી. બનાવતું નવતર મોડેલ, આઇસક્રીમ અને બટાકાની બનાવટો : વિવિધ પ્રોડક્ટ્સના ઉત્પાદન અને પેકેજિંગની પ્રક્રિયા જેવા વિવિધ યુનિટ્સની પ્રત્યક્ષ માહિતી મેળવી હતી. આ મુલાકાત દ્વારા વિદ્યાર્થિનીઓએ સહકારી પ્રવૃત્તિ અને ગ્રામીણ અર્થતંત્રમાં ડેરી ઉદ્યોગના મહત્ત્વને પ્રત્યક્ષ રીતે નિહાળ્યું હતું.

## સબરસ

ચંગુ : ભાઇ તને ખબર છે દુનિયામાં સૌથી મોટો દગો લગ્નમાં થાય છે?
મંગુ : ના ભાઇ, એ કઇ રીતે?
ચંગુ : ગાય જેવી છે કહીને લોકો સિંહણ પધરાવી દે છે !

HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN
Hemchandracharya North Gujarat University, Patan
P.B.21, University Road, Patan - 384265 • Phone : +91 2766 237000, 220932, 230529 • Visit us at : www.ngu.ac.in • Email : udichyahngu@gmail.com
**Editor :** Dr. Rajanikant Patel (University Librarian)
Published by : **Dr. R.N. Desai**, Registrar, H.N.G.U., Patan.
Printed by : **Vinod Printery,** Nr. Three Gate, **Patan.** • Mo. 9898576011
R.N.I. No. 48820/90, Valid up to 31-12-2026, Posting Reg. No. PATAN/008/2024-26, Office of Posting: PATAN H.P.O
વ્યક્તિગત વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/– કૉલેજનું વાર્ષિક લવાજમ રૂા. ૬૦૦/–